**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 3, Issue - 5, Sept-Oct – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 15/10/2020 Accepted on : 28/10/2020 Publication Date: 31/10/2020

# રાજકોટ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ની કાયદાકીય જોગવાઈઓનો વિશ્લેષણાત્મક અભ્યાસ

[1] **રમીઝ સાદતભાઈ સિન્ધી,** [2] **પ્રો.ડો.બી.જી.મણીયાર,**
આસી.પબ્લીક પ્રોસીક્યુટર અને પી.એચ.ડી વિદ્યાર્થી, કાયદા ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ – ૩૬૦૦૦૫. (ગુજરાત
અધ્યક્ષ અને પ્રોફેસર,પી.એચ.ડી. ગાઈડ, કાયદા ભવન,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ – ૩૬૦૦૦૫. (ગુજરાત)
ઈ–મેઈલ : rameezsindhi@gmail.com

**સાર :** આ સંશોધન પેપરમાં રાજકોટ જિલ્લાની પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટેની મહત્વની કાયદાની જોગવાઈઓનો અભ્યાસ કરવામાં આવેલ છે. સામાન્ય રીતે પોલીસ દ્વારા લેવામાં આવતા પ્રતિબંધક પગલાઓ તરીકે પણ ઓળખવામાં આવે છે. સાવચેતીના ભાગરૂપ કાર્યવાહી પણ કહેવામાં આવે છે.

**ચાવીરૂપ શબ્દો :** કાયદો, પોલીસ, અપરાધ, ફોજદારી, ગુના, મેજીસ્ટ્રેટ, કલમ .

## ૧. પ્રસ્તાવના :

ગુજરાત રાજયનો મહત્વનો જિલ્લો અને સૌરાષ્ટ્રનું પાટનગર ગણાતા રાજકોટ જિલ્લામાં પોલીસ વ્યવસ્થાપન અંગે જોઈએ તો રાજકોટ શહેર માટે પોલીસ કમિશ્નર તથા રાજકોટ ગ્રામ્ય માટે પોલીસ અધિક્ષકની જોગવાઈ કરવામાં આવેલી છે. આ ઉપરાંત રેન્જ આઈ.જી નું કાર્યાલય પણ રાજકોટ શહેરમાંજ છે. રાજકોટ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને સુલેહ શાંતિ રહે તે માટે રાજકોટ જિલ્લા પોલીસ માટે ઉપયોગી એવી અગત્યની કાયદાકીય જોગવાઈઓનો અભ્યાસ કરવામાં આવેલ છે. આ કાયદાકીય જોગવાઈઓના અમલીકરણ અને ઉપયોગથી પોલીસ ઘણા ગુનાઓને અટકાવી શકે છે અને સુલેહ શાંતિ અને કાયદો વ્યવસ્થાનું વાતાવરણ જળવાવી શકે છે.

## ૨. ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૦૬

ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૧૭૩ હેઠળના રીપોર્ટમાં ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૧૦૬ હેઠળ ભલામણ કરેલ પગલાં ભારતીય ફોજદારી કાયદાની કલમ ૧૫૩–એ અથવા ૧૫૩–બી અથવા ૧૫૪ હેઠળ શિક્ષાપાત્ર ગુના સિવાયના ભારતીય ફોજદારી કાયદાના પ્રકરણ ૮ હેઠળના હુમલાને લગતા, વ્યથાના કેસોમાં અથવા સુલેહ શાંતિનો ભંગ કરવાને લાગતા ગુના અથવા તેના દુષ્પ્રેરણ કરવાને લગતા ભારતીય ફોજદારી ધારાની કલમ ૫૦૬ હેઠળ અથવા બગાડ કરવાને લગતા તમામ ગુનામાં આરોપી વિરૂદ્ધ ચલનો તૈયાર કરતી વખતે લેવા. આના માટે ચાર્જ ધરાવતા અધિકારીએ પક્ષકારો વચ્ચે અગાઉ થયેલ કોર્ટ કાર્યવાહી અને તેમના બગડેલા સંબંધો સંબંધી પોલીસ ફાઈલમાં મહત્વની બાબતો નોંધવી જોઈએ.

## ૩. ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૦૭

(૧) જાહેર શાંતિને અસર કરતી બાબતો એકઠી કરવાની અને તેની જાણ કરવાની, ગુનો થતો અટકાવવાની અને જાહેર ત્રાસ અટકાવવાની દરેક પોલીસ અધિકારીની ફરજ છે.

(૨) તાલુકાના કોઈપણ સ્થળે શાંતિનો ભંગ થવાની શકયતા હોય ત્યારે પોલીસ સ્ટેશનમાં રિપોર્ટ કરવામાં આવે અથવા તાલુકાના રહીશ વ્યકિતઓ વિરૂધ્ધ અરજી માટે અથવા બહારનો કોઈપણ વ્યકિત તરફથી તાલુકામાં અથવા તેની બહાર શાંતિનો ભંગ થવા માટે અરજી મળે ત્યારે ડેઈલી ડાયરીમાં આવા રિપોર્ટની નોંધ કરવી.

(૩) રિપોર્ટ નોંધ્યા પછી જો તાત્કાલિક શાંતિનો ભંગ થવાની શકયતા હોય ત્યારે ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ નો કલમ – ૧૦૭/૧૫૧ હેઠળ પગલાં લેવા માટે ડેઈલી ડાયરીની નકલ મોકલાવી ને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને માહિતી મોકલી આપવી જોઈશે અથવા એસ.ઓ. મારફત ફરીયાદ મોકલી આપવી જોઈશે.

(૪) જયારે શાંતિનો ભંગ થવાનો તાત્કાલિક ભય હોય અથવા ગુનો કરવાની યોજના વિરૂધ્ધ વ્યકિતઓને માહિતી આપી હોય ત્યારે ફોજદારી કાર્યવાહી ધારા, ૧૯૭૩ ની કલમ ૧૫૧ હેઠળ કાર્યવાહી કરવી અને તેમને પકડવાની વ્યવસ્થા કરવી.

(૫) ધરપકડ કર્યાના કેસોમાં તેમને ફોજદારી કાર્યવાહી ધારા, ૧૯૭૩ ની કલમ ૧૦૭ હેઠળ ફરીયાદ સાથે મેજીસ્ટ્રેટ સમક્ષ મોકલવો ફરીયાદમાં નીચેની વિગતો હોવી જોઈએ.

(૧) સામાવાળા ના નામ,

(૨) તેમના અંદરોઅંદરના સંબંધ,
(૩) દુષ્કામોની, ગેરકાયદેસર કૃત્યો અથવા શાંતિનો ભંગ કરવા માટેના કારણોની વિગતો,
(૪) સ્પષ્ટ ધમકી હોય તો તે,
(૫) જો તે રીતે કોઈ પગલાં લીધા હોય તો ફોજદારી કાર્યવાહી ધારા, ૧૯૭૩ ની કલમ ૧૫૧ હેઠળ પગલાં માટેનું વાજબીપણું,
(૬) ફોજદારી કાર્યવાહી ધારા, ૧૯૭૩ ની કલમ ૧૧૬(૩) હેઠળ જામીનખત અથવા ખતો લેવાની વિનંતી, કારણો અને જામીન ખતોની રકમ,
(૭) સાક્ષીઓની યાદી,

(૬) જો સંજોગો પરવાનગી આપે તો ફોજદારી કાર્યવાહી ધારા, ૧૯૭૩ ની કલમ ૧૦૭/૧૫૧ હેઠળ બન્ને પક્ષકારો વિરૂધ્ધ પગલાં લઈ શકાય, તે કેસમાં જુદી ફરીયાદો મોકલવી,
(૭) આવી કાર્યવાહીમાં રીમાન્ડ લઈ શકાય નહી.

## ૪. ફોજદારી કાર્યવાહી ધારા, ૧૯૭૩ ની કલમ – ૧૦૮

(૧) જુદા જુદા વર્ગો વચ્ચે બોલીને કે લખીને કોઈપણ રીતે કોઈ બાબતમાં ઈરાદાપૂર્વક વૈમનસ્ય ફેલાવે કે ફેલાવવાની કોશિષ કરે અથવા ફેલાવવાનું દુષ્પ્રેરણ કરે તેવી કોઈપણ વ્યકિત વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી ધારા, ૧૯૭૩ ની કલમ ૧૦૮ હેઠળ ફરીયાદ મોકલવી આઈ.પી.સી. ની કલમ ૧૨૪–એ, ૧૫૪–એ બી અને ૨૯૫–એ હેઠળ ગુનો બને છે અથવા આઈ.પી.સી. ની કલમ ૨૯૨ હેઠળ અશ્લિલ બાબત ગુનાહિત ધમકી અથવા જજની બદનક્ષી વગેરે.
(૨) એક જ કૃત્ય પુરતું છે, જો તે એવું દર્શાવે છે કે ફરીવાર થવાની શકયતા છે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા ચલાવી શકાય.

## ૫. ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૦૯

(૧) કોગ્નીઝેબલ ગુનાઓ કરવા માટે પોલીસ સ્ટેશનની હકૂમતમાં પોતાની જાતને સંતાડે તેવી વ્યકિતની વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૦૯ હેઠળની કાર્યવાહી માટે પગલા લેવા. આ જામીનપાત્ર છે, તે કોગ્નીઝેબલ નથી, તેમ છતાં સીગલ કેસ ડાયરી રજુ કરવાની હોય છે.
(૨) ઈન્ચાર્જ અધિકારી ધરપકડ કરી શકે અથવા ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ ૪૧(૨) હેઠળ વોરંટ વગર આવી વ્યકિતઓને ધરપકડ કરાવી શકે.

## ૬. ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૧૦

(૧) ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૧૦ હેઠળના પગલા પોતાની સ્થાનિક હકૂમતની અંદર કોઈ વ્યકિત,
(એ) રીઢા લુંટારો હોય, ઘર ફોડનાર, ચોર અથવા બનાવટ કરનાર હોય,
(બી) ચોરાયેલી મિલકત હોવાનું જાણતો હોય છતાં ચોરાયેલી મિલકત મેળવવા માટે રીઢા હોય,
(સી) વારંવાર ચોરોનું રક્ષણ કરતો હોય અથવા આશ્રય આપતો હોય અથવા ચોરાયેલી મિલકત સંતાડવા અથવા તેનો નિકાલ કરવા માટે મદદ કરતો હોય,
(ડી) અપહરણ, અપનયન, બળજબરીથી કઢાવવા છેતરપીંડી અથવા બગાડનો ગુનો અથવા આઈ.પી.સી. ની કલમ ૩૮૯ અથવા પ્રકરણ ૧૨ હેઠળ શિક્ષાપાત્ર ગુનો વારંવાર કરતો હોય આવુ કરવાનો પ્રયત્ન કરતો હોય અથવા કરવા માટે દુષ્પ્રેરણ કરતો હોય તેવી,
(ઈ) શાંતિનો ભંગવાળા ગુના વારંવાર કરતો હોય અથવા કરવાનો પ્રયત્ન કરતો હોય અથવા કરવામાં દુષ્પ્રેરણ કરતો હોય તેવો,
(એફ) (૧) ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક એકટ, ફોરેન એકસચેન્જ રેગ્યુલેશન એકટ, એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ એકટ, પ્રીવેન્શન ઓફ ફુડ એડલટરેશન એકટ એસેન્શીયલ કોમોડીટીઝ એકટ, અનટચેબીલીટી ઓફેન્સીસ એકટ, કસ્ટમ એકટ હેઠળ ના કોઈ પણ ગુના,
(૨) ખોરાક ઔષધ સંગ્રહ નફા માટે અથવા ભેળસેળ અથવા લાંચ રૂશ્વત અટકાવવા માટે શિક્ષાપાત્ર ગુના વારંવાર કરતા હોય કરવાનો પ્રયત્ન કરતો હોય અથવા કરવાનું દુષ્પ્રેરણ કરતા હોય.
(જી) અથવા જેની જામીનગીરી લીધા સીવાય છોડવામાં આવે તો સમાજ માટે એટલી વિનાશક અથવા ભયંકર ગણાય તેવી કોઈપણ વ્યકિત વિરૂધ્ધ ઈનચાર્જ અધિકારી પગલા લઈ શકશે.

Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 3, Issue - 5, Sept-Oct – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 15/10/2020 Accepted on : 28/10/2020 Publication Date: 31/10/2020

(૨) ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૧૦ હેઠળના પગલાં મૂળ ગુના માટે બદલી શકાશે નહી અથવા મુખ્ય ગુના માટે દોષિત ઠર્યાની બાબતમાં અથવા તેને નિર્દોષ ઠરાવી છોડી મુકયા પછી તરત જ અથવા ગુનામાંથી મુકત કર્યા પછી તરત જ આ પગલાં શરૂ કરી શકાશે નહી.

(૩) ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૦૯ અને ૧૧૦ હેઠળના પગલાં એક સાથે લઈ શકાય નહિ પણ કલમ ૧૦૭ અને ૧૧૦ હેઠળના પગલાં એક સાથે લઈ શકાય.

(૪) ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૧૯ હેઠળના પગલાં માટે ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૩૧(૨) હેઠળ ઈન્ચાર્જ અધિકારી વગર વોરંટે ધરપકડ કરી શકશે.

(૫) ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૧૦ હેઠળ છાપેલા ફોર્મમાં જેની હેઠળ કાર્યવાહી કરવાની હોય તે કલોઝ જણાવી ને ફરીયાદ મોકલી તેની સાથે રજીસ્ટરમાંની એકઠી કરેલ પુરતી બાબતો હીસ્ટરી શીટ અને પર્સનલ ફાઈલ, ડેઈલી ડાયરી, રિપોર્ટ જે તેની વિરૂધ્ધ આપ્યા હોય તે અને બીજી સંબંધિત બાબતો એટલે કે અરજીઓ શંકાસ્પદ મંડળીઓ, પ્રતિષ્ઠા વગેરે મોકલવા શંકાસ્પદો, દોષિત કહેવાતી યાદી આપવી, સાક્ષીઓની યાદી પણ આપવી.

(૬) ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૧૦ હેઠળ ચલન મોકલવા માટે ગેઝેટેડ અધિકારીની મંજુરી અગાઉથી મેળવવાની જરૂર છે.

(૭) વોરંટ માટે જવુ નહિ, ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ ૧૧૦ હેઠળ ચલનના સ્વરૂપમાં માહિતી આપતી અને સમન્સ સામેફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ ૧૧૧ હેઠળ નોટીસ કાઢવાનું મેજીસ્ટ્રેટનું કામ છે.

(૮) અગાઉ દોષિત ઠર્યાની બાબતમાં વિગતો આપવી અનેફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ ૨૯૮ થી ફરમાવ્યા પ્રમાણે સાબિત કરવી.

(૯) શંકા અસંદિગ્ધ હોવી જોઈએ નહી પણ સબબ કારણો ઉપર આધારીત હોવી જોઈએ.

(૧૦) સામાન્ય પ્રતિષ્ઠાનો પુરાવો અથવા સાંભળેલ પુરાવો પ્રસ્તુત છે.

(૧૧) ૩ વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી પ્રતિવાદીને બંધનકારક રહેવા માટે વિનંતી કરી શકાય.

### ૭. ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૩૩

(૧) પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી કોઈપણ જાહેર ત્રાસ દુર કરવા માટે એટલે કે, કોઈપણ માર્ગ, નદી અથવા કેનાલનું કોઈપણ ઈજાગ્રસ્ત તૈયાર મકાન વગેરે જોખમકારક પશુના ગેરકાયદેસર અડચણ માટે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, સબ–ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અથવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ જઈ શકે છે.

(૨) જાહેર હિતમાં પુરતા પુરાવા ઉપર આધારીત જરૂરી બાબતો સાથે અરજી કરવી.

### ૮. ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૪૫

(૧) શાંતિનો ભંગ થવાની સંભાવના હોય તેવા પોતાની હકૂમતમાંની કોઈપણ જમીન અથવા પાણી સંબંધી તકરારમાં, પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી ફોજદારી કાર્યવાહી ધારાની કલમ – ૧૪૫ હેઠળની કાર્યવાહી માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ પાસે જઈ શકશે.

(૨) કોઈ મકાન, બજાર, મચ્છી બજાર, પાક, જમીનની ઉપજના કબજા સંબંધી અને આદતનો ભંગ થવાની સંભાવના હોય તે સંબંધી તકરાર હોય ત્યારે આવી કાર્યવાહી સલાહભરી છે.

(૩) સાથોસાથ ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૧૦૭ અને ૧૫૧ હેઠળ પગલાં લઈ શકાય.

(૪) તાત્કાલિક તકરાર ઉભી થાય તેમ હોય તો જમીનની જપ્તી માટે અરજી કરવી.

(૫) ફરીયાદમાં તકરાર, પક્ષકારો, સાક્ષીઓ વગેરેની વિગતો આપવી.

### ૯. ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૫૧

દરેક પોલીસ અધિકારી ગુનો કોઈપણ રીતે અટકાવી શકાય તેમ ન હોય તો, ગુનો કરવાની યોજના ઘડતી કોઈપણ વ્યકિતની વિના વોરંટે ધરપકડ કરી શકશે.

### ૧૦. ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩ ની કલમ – ૧૫૨

દરેક પોલીસ અધિકારી, જંગમ અથવા સ્થાવર કોઈપણ સરકારી મિલકત સંબંધી ઈજા પહોંચાડવાની કોશિશ થતી અટકાવવા અથવા કોઈપણ સરકારી જમીન, નિશાની અથવા નેવીગેશન માટે વપરાયેલ બોયું અથવા બીજી નિશાનીને પહોંચેલી ઈજા દૂર કરવા માટે હસ્તક્ષેપ કરી શકશે.

**સંદર્ભ સુચિ :**

**પુસ્તકો ની યાદી –**

૧ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ અને આનુસંગિક કાયદાઓ, હરેશ એ. શુકલ, કમલા પબ્લીશીગ હાઉસ.
૨. પોલીસ મેન્યુઅલ વોલ્યુમ – ૩ (ઈન્વેસ્ટીગેશન), વામનરાવ દેસાઈ, વેસ્ટર્ન લો હાઉસ.
૩. ગુજરાત પોલીસ મેન્યુઅલ – વોલ્યુમ ૩, ભરત લખતરીયા, ધી ન્યુ ગુજરાત લો હાઉસ, અમદાવાદ.
૪. ગુજરાત પોલીસ એક્ટ, ૨૦૦૩, એમ.વી.સહાની (એડવોકેટ), સુપ્રીમ પબ્લીકેશન.
૫. ગૃહ વિભાગના ઠરાવ તથા પરીપત્ર.

**ઈન્ટરનેટ સાઈટ ની યાદી –**

૧. gujaratinformation.net/
૨. http://rajkotcitypolice.org/
૩. www.cprajkot.gujarat.gov.in/
૪. www.sprajkot.gujarat.gov.in/